ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧૦-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### કાળાંધોળાંમાં બધા સરખા


આખરે મોદી સરકારે વિદેશોમાં જમા કરાવાયેલ કાળાં નાણાંના મુદ્દે હાથ ઊંચા કરી દીધાં છે. લોકસભાની ચૂંટણી વખતે આ કાળાં નાણાં પાછાં લાવવાનો મુદ્દો ભરપૂર ચગાવાયો હતો. સ્વામી રામદેવ એમની યોગશિબિરોમાં પણ બુલંદ સ્વરે આ વાત વાગોળતા રહેતા હતા. એમણે તો ત્યાં સુધી કહેલું કે એક વાર આ કાળાં નાણાં પાછાં લાવી દેવાય તો દેશમાં કોઈએ ટેક્સ ભરવાની પણ જરૂર નહીં રહે! મોદી, રાજનાથ, જેટલી કે અડવાણી : દરેક નેતા આ મુદ્દો ઉછાળી ઉછાલી કોંગ્રેસને બદનામ કરવાની કોશિશ કરતા રહ્યા. પ્રજામાં એવો જ ખ્યાલ ઘર કરી ગયેલો કે આ બધાં કાળાં નાણાં ૧૦, જનપથ સાથે કનેકશન ધરાવે છે. મોદી બેફામ આક્ષેપબાજી કરતાં કહેતા પણ ખરાં, અને હજી થોડાક જ દિવસો અગાઉ મહારાષ્ટ્ર અને હરિયાણાની વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રચારમાં પણ એ જ આક્ષેપોનું પુનરાવર્તન કરતા રહ્યા હતા કે આ લોકોએ છેલ્લા સાઠ વર્ષોના શાસનકાળમાં દેશને મન મૂકીને લૂંટ્યો છે. ધારો કે એમના આક્ષેપોમાં આંશિક તથ્ય પણ હોય. પરંતુ જે કાળાં નાણાં અહીંથી પગ કરીને વિદેશોની બેંકોમાં જમા થઈ ગયાં છે, એ પાછાં લાવવાનું તમે વચન આપેલું એનું શું? મનમોહનસિં કાળાં નાણાં વિશેની માહિતી મેળવવાના પ્રયાસો શરૂ કરેલાં અને એનો સાનુકૂળ પ્રતિસાદ પણ સાંપડવા લાગ્યો હતો. પરંતુ વિદેશો કંઈ ભારત સરકારના આદેશોનું પાલન કરવા થોડા બંધાયેલાં છે? ભારત સરકારે કડક થઈને એ માહિતી પ્રાપ્ત કરવી જ રહી, જેમાં આજની મોદી સરકાર પણ સરિયામ નિષ્ફળ રહી છે. સર્વોચ્ચ અદાલતના દબાણ હેઠળ સત્તા સંભાળતાંવેંત મોદી સરકારે આ જાણકારી મેળવવા તાબડતોબ એસઆઈટી - સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિંગ ટીમની રચના જરૂર કરી હતી. સ્વિસ બેંકોમાં જમા ભારતીય કાળાં નાણાંની માહિતી મેળવવા ત્રણ અધિકારીઓ રંગેચંગે પ્રયાસ પણ કરી આવ્યાં. પરંતુ લાવ્યા શું? ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર. સ્વિત્ઝર્લેન્ડ ખાલી પુરાવા આપો તો એની ખરાઈ કરાવવા સંમત થયું. આખી સ્વિસ ઈકોનોમી જયારે બેન્કિંગ અને વીમા ઉદ્યોગ પર નિર્ભર હોય ત્યારે એ એના 'માનવંતા' ગ્રાહકોને મુશ્કેલીમાં મૂકવાનું પસંદ કરે ખરું? ત્યાંની પાર્લામેન્ટમાં આ મુદ્દો ચર્ચાની એરણે મુકાશે ત્યારે એ ટચૂકડો સમૃદ્ધ દેશ ધરાર નામક્કર જશે, એ વિશે શંકાને સ્થાન નથી. જર્મનીએ તો એનું વલણ સ્પષ્ટ કરી જ દીધું છે. કેન્દ્ર સરકારના એટર્ની જનરલ મુકુલ રોહતગીએ જે દલીલ કરી છે તે યુપીએ સરકાર વખતે થતી દલીલ કરી છે તે યુપીએ સરકાર વખતે થતી દલીલનું જ પુનરુચ્ચારણ છે. નાણાંમંત્રી અરૂણ જેટલી જે શબ્દો બોલી રહ્યા છે તે જ શબ્દો થોડા મહિના પૂર્વે પત્રકારોએ યુપીએના નાણામંત્રી પી. ચિદંબરમ્‌ના શ્રીમુખે સાંભળ્યા હતા. સરકાર કાળાં નાણાં ધરાવનારા વિદેશી બેંકોના ભારતીય ખાતેદારોનાં નામ જાહેર કરી શકે એમ નથી, કારણ કે આ મુદ્દે અગાઉથી ભારત સરકારે તે દેશો સાથે ગુપ્તતાના કરાર કરેલ છે. ભાજપ પાસે હવે ફક્ત એક જ બહાનું રહે છે તે એ કે આ કરાર ૧૯૪૫માં કોંગ્રેસ સરકારે કરેલાં છે. પરંતુ આજે હવે તમારી સરકાર આવી છે ત્યારે એ કરારને નલ એન્ડ વોઈડ જાહેર કરી દોને! મોદી કે જેટલીની એટલી હિંમત નથી. એમને તો આ મુદ્દો ચૂંટણીમાં ખપ લાગ્યો એટલે ભયોભયો! કાળાં નાણાંના મુદ્દે કાગારોળ કરનારા રામદેવ, અણ્ણા હજારે અને કિરણ બેદી ચોમાસું પૂરું થયે સુષુપ્તાવસ્થામાં સરી જતાં દેડકાંની જેમ ચૂપ થઈ ગયા છે. ફક્ત એ જ નરબંકો બુલંદ સ્વરે મોદી સરકારનો જવાબ માગવાની હિંમત કરી રહ્યો છે, એનું નામ છે રામ જેઠમલાણી. આ વરિષ્ઠ ધારાશાસ્ત્રીએ મોદીને આ મુદ્દે પત્ર લખ્યો છે અને જણાવ્યું છે કે આ પત્રને મારો મરણોન્મુખ પત્ર ગણજો. મરતો માણસ જૂઠું નથી બોલતો, એવી ન્યાયતંત્રની શ્રદ્ધા જેઠમલાણીના આ 'ડાઈંગ ડિકલેરેશન' જેવા પત્રમાં વ્યક્ત થઈ છે. શું એથી મોદીનો માંહ્યલો જાગશે?

# મમતા આઈએએસ ટ્રેનીંગ સેન્ટરના સિતારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈએએસ ટ્રેનીંગ સેન્ટરના તેજસ્વી વિદ્યાર્થીઓએ અખિલ ભારતીય સ્તરે લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યું છે.

સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ આ અંગેની માહિતી આપતાં જણાવે છે કે તાજેતરમાં યુપીએસસી દ્વારા લેવામાં આવેલી સિવિલ સર્વિસ એક્ઝામ, વર્ગ-૧ની પ્રારંભિક પરીક્ષામાં મમતા આઈએએસ ટ્રેનીંગ સેન્ટરમાં તાલીમ પ્રાપ્ત ૧૭ જેટલા વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી છે, જેઓ હવે મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ભારતભરમાંથી અંદાજિત સાત લાખ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જે પૈકી ૧૬,૯૩૩ વિદ્યાર્થીઓ જ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. સમગ્ર ગુજરાતમાંથી કુલ ૮૦ વિદ્યાર્થીઓ જ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે, જે પૈકી મમતા ટ્રેનીંગ સેન્ટરના ૧૭ વિદ્યાર્થીઓ છે, એમ ઉમેરતાં ચેરમેન દ્વાર સૌ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.



### કડવી દિવાળીને મીઠાશમય બનાવી

દિવાળીનું પર્વ અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાનું પર્વ છે ત્યારે લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઝુંપડપટ્ટીના બાળકોની દિવાળી પ્રકાશમય બનાવવાનું કાર્ય કરવામાં આવ્યું હતું. સેકટર-૧૩ પ્રાથમિક શાળા અને ઝુંપડપટ્ટીમાં કલબના પ્રમુખ ચંદાબેન યાદવ, ડિમ્પલ દેસાઈ, ભાનુબેન ઠકકર સહિતના કાર્યકર્તાઓએ આ વિસ્તારમાં મીઠાઈનું વિતરણ કર્યું હતું. અને ઝુંપડપટ્ટીના ગરીબ બાળકોની દિવાળી મીઠાશમય બનાવી હતી.

## કોલવડાની વિદ્યાર્થીની જિલ્લામાં પ્રથમ આવી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્ય યુવક અને સાંસ્કૃતિક વિભાગ અન્વયે ગાંધીનગર જિલ્લાનો ૪૭મો યુવા મહોત્સવ રાંધેજા ખાતે ગઈકાલે યોજાયો હતો. તેમાં કે.કે. પટેલ વિદ્યાલયની વિદ્યાર્થીની ઝંખના કે. રાવળે નિબંધ તેમજ હળવા કંઠ્ય સંગીતમાં જયશ્રીબેન વાઘેલા તૃતિય નંબરે રહી હતી.

બન્ને વિદ્યાર્થીઓનીઓ પ્રદેશકક્ષાએ અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે માર્ગદર્શન શાળાના શિક્ષક શ્રી પ્રકાશભાઈ પટેલે કર્યું હતું. શાળાના આચાર્યા શ્રીમતી ભાવનાબા વાઘેલા તથા શાળા પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...



આ છાપામાં આપેલ આંકડા મુજબ આપણે હવે ગરીબ નથી રહ્યા... એટલે આ દિવાળીમાં કપડાં, મીઠાઈ વગેરેની તૈયારી કરવા માંડ...!!

# આદર્શ નિવાસી શાળા સે-૮માં સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

અનુસૂચિત જાતિ કન્યા આદર્શ નિવાસી શાળા સેકટર-૮માં દિવાળીના પર્વને લઈને સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. રમતોત્સવના વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજય ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળા સેકટર-૮માં દિવાળીના શુભ પર્વને લઈને વાલીઓની ઉપસ્થિતિમાં સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓના માતા પિતા ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહમાં વાલી રમેશભાઈ અને તરુણાબેને શાળાને અનુલક્ષીને અભિપ્રાય આપ્યો હતો. આચાર્ય કુસુમબેને વિદ્યાર્થીઓને શિસ્ત સ્વચ્છતા અને અભ્યાસ પર ભાર મુકવા જણાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે દરેક વિદ્યાર્થીઓને વાલી પોતાના ગામને સ્વચ્છ બનાવવા માટે બે કલાકનો સમય ફાળવે.

સ્નેહમિલન સમારોહમાં ગત ૧૬ અને ૧૭ દરમિયાન શાળામાં યોજાયેલ રમતોત્સવમાં વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન પ્રદર્શન અને રાજયકક્ષાની સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીનીઓ અને વાલીઓને રેણુકાબેને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સંચાલન અમિતા પરમારે કર્યું હતું.

# ગાંધીનગર પ્રજાપતિ સમાજ દિવાળી પછી સ્નેહમિલન સમારોહ યોજશે

### તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા વાર્ષિક સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવશે. તેજસ્વી વિદ્યાર્થીઓ સહિત વિશિષ્ટ જ્ઞાતિજનોનું સન્માન કરાશે.


ગાંધીનગર પ્રજાપતિ સમાજ પ્રકાશ ફેલાવતા પર્વ દિવાળી બાદ ૨૫ ડિસેમ્બરના રોજ સ્નેહમિલન સમારોહ યોજવામાં આવશે. જેમાં ધો. ૧ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરાશે તેમજ સમાજ દ્વારા 'દીકરી વ્હાલનો દરિયો' અભિયાન હેઠળ જે દંપતિને એક દીકરી હશે તેમનું સન્માન, એમ.બી.બી.એસ. અને બી.એ. એમ. એસ. પૂર્ણ કરી ડૉક્ટરી કારકિર્દીનો આરંભ કરનાર, કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી વકીલ બનનાર, બી.ઈ. સિવિલ અને મિકેનીકલનો અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.ત્યારે કેટેગરીમાં આવતા પોતાના બાળકોની માર્કશીટો સેક્ટરના પ્રતિનિધિને તેમજ કાર્યાલયે તા. ૩૦ નવેમ્બર પહેલા મોકલાવવા પ્રમુખ અલ્પેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

## પ્રેરણા વિદ્યાલયમાં ગ્લોબલ હેન્ડ વોશ ડે ની ઉજવણી

૧૫મી ઓક્ટોબરને ગ્લોબલ હેન્ડવોશ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ નિમિત્તે ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ તથા નહેરૂ યુવા કેન્દ્રના સહયોગથી પ્રેરણા વિદ્યાલયમાં સફાઈનું મહત્વ સમજાવતો કાર્યક્રમ યોજાઈ ગયો હતો.

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી ડૉ. મયુર જોષી તથા નહેરુ યુવા કેન્દ્રના પ્રતિનિધિ શ્રી કશ્યપભાઈ નિમાવત હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને સફઈનું મહત્વ સમજાવ્યુંહતું. જેમાંથી મયુરભાઈ જોષીએ શાળાના વિદ્યાર્થીઓને હેન્ડવોશનું મહત્વ સમજાવ્યુંહતું. લાઈવ ડેમોટ્રેશન આપ્યુંહતું. હાથ ધોઈને ચોખ્ખા રાખવાથી અનેક રોગોથી બચી શકાય છે. તે અંગે વિશેષ માહિતી આપી હતી. ટ્રસ્ટીશ્રી નરેશભાઈ શાહ અને શ્રી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય શ્રી મનીષભાઈ ખત્રીએ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, તથા નહેરુ યુવા કેન્દ્રનો આભાર વ્યક્ત કર્યોહતો.





## ગુજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ ઉજવાયો

તાલુકાના સાબરમતીના કિનારે આવેલ સાદરામાં આવેલ ગુજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ મનાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હસ્તે ૧૮મી ઓકટોબર ૧૯૨૦ના રોજ સ્થાપના કરવામાં આવી હતી અને બાપુએ અગિયાર ધ્યેયો આપ્યા હતા. વિદ્યાપીઠમાં પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે ૩૦ વિદ્યાર્થીઓને ધ્વજવંદન કરાવી ધ્યેયોની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઉદાજી પરમારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# ધુમ્મ્મમ્મ... સરરરરરર... ધડામમ્મ્મમ્મ્મમ... સુરરરરરર...!!!

બસ આજથી ત્રણ દિવસ પછી છે દિવાળી... રંગોળી...મીઠાઈઓ... આનદ...ઉલ્લાસ અને પ્રકાશની સાથે સાથે કાન ફાડી નાખવાથી લઈને સાવ છાનામુના ફટાક દઈને રંગબેરંગી પ્રકાશ સાથે ફૂટી પડતા ફટાકડાઓનો તહેવાર... પણ પણ પણ... આ લેખ તમે વાંચતા હશો ત્યારે મહારાષ્ટ્રમાં મોદી બ્રાંડ એટમબોમ્બ ફૂટશે કે પછી ઉદ્ધવ બ્રાંડ લવિંગીયા ફોડવા એનો ફેસલો આવવામાં જ હશે. જબરું છે રાજકારણ પણ ભઈસાબ... હજુ હમણાં સુધી તો ઉધ્ધ્વભાય અને નરેન્દ્રભાઈ એકબીજાના મોતી વેરાણા ચોકમાં ઈસ્ટાઈલમાં દે ધનાધન ગરબા ને લાવણીનું સોલીડ કોમ્બીનેશન કરતા હતા પણ સાલું ખબર નહિ કેમ પણ વન ફાઈન મોર્નિંગ શરદભાયએ ( અલ્યા પવાર જ સ્તો ) હું કર્યું કે આ કોંગ્રેસ અમને બરાબર ભાવ નથી આપતી... અમને કાઈ પૂછતી-ગાછ્તી નથી... ૧૫ વરહથી અમે એમના ભાયબંધ છીએ પણ આવું અમારી હાયરે કોઈ દિવસ થયું નથી... જાવ અમે નથી રમતા...ને આટલું બોલતા જ પવારે તો યુતિ સરકારનો પાવર જ ઓફ કરી નાખ્યો ...અચાનક પાવર ઓફ થતા જ પૃથ્વીરાજભાય અને એમની સરકાર બેય આંધળાભીત થઈને પટકાયા ઉંધે માથે ને પછી આવી પડ્યું ઈલેક્શન... અચાનક કોંગ્રેસને તો દિવાળી આવતા પહેલા હોળી સળગી ઉઠી...!!! પણ આ તો પોલીટીક્સ છે ભાય...કોન્ગ્રેસ્સ અને એનસીપી ની સાથે સાથે એક બીજી હોળી પણ સળગવાની બાકી હતી...!!!

આમ તો હજુ હમણાં જ પુરા થયેલા સંસદના ચુનાવમાં તો શીવસેના અને ભાજપે ભેગા મળીને જોરદાર આતશબાજી કરેલી જ હતી એટલે મહારાષ્ટ્રની આ ચુનાવી દિવાળીમાં અંદાજ તો એવો જ હતો કે મોદી બ્રાંડ રોકેટ અને ઉદ્ધવ બ્રાંડ બોમ્બ કાન ફાડી નાખે એવો અવાજ કરી મુકવાના...પણ ધાર્યું રાજકારણીનું થાય....ખબર નહિ કેટલી ફૂલઝર આઈ મીન સીટોનું વાંકું પડ્યું બંનેને તે એકબીજાથી સૈયા ભયે દગાબાજ રે એમ ગાતા ગાતા લાગલી ફારગતી જ લઈ નાખી. ફારગતી લીધી એનો તો વાંધો નહિ પણ પછી મોદીએ તો એમ કહીને ધૂમધડાકા કરવાની ના પાડી કે બાલાસાહેબ પ્રત્યેનો આદર અકબંધ છે એટલે હું તો શિવસેના ના ફળિયામાં એકેય ફટાકડો નહિ જ ફોડું...પણ ઉદ્દવને તો આ આબરૂનો સવાલ થઈ પડેલો... પુ.પપ્પા વગરની આ પહેલી ચૂંટણી હતી અને અધૂરામાં પૂરું જેની દેશભરમાં ૨૦૦ની સ્પીડે લહેરાતી હવાનો લાભ લઈને મહારાષ્ટ્રમાં પણ સંયુક્ત સત્તાનો પતંગ ચગાવવાનો હતો એ ભાજપ સાથે પણ પેચ લાગી ગયો...હવે કરવું શું ? એટલે ઉધ્ધ્વભાય તો ભાજપ અમારો દુશ્મન નમ્બર વન છે થી લઈને નરેન્દ્રભયના પૂજય પિતાશ્રી આવે તો પણ મહારાષ્ટ્રમાં એમનો ગજ નાં વાગે એવા સુતળી બોમ્બો ફોડવાનું ચાલુ કરી જ દીધેલું.

આખાય ચુંટણીપ્રચારમાં મજા એ વાતની આવી કે કોન્ગ્રેસ્સ અને એનસીપી ના ફટાકડાઓ તો સુરસુરિયા જ થઈ ગયા. સંભળાયો તો ફક્ત મોદી અને ઉદ્ધવની આતશબાજીનો અવાજ, અને વચ્ચે વચ્ચે ક્યારેક ક્યારેક રાજના લવિંગીયા પણ ફૂટ્યા. હવે... વોટીંગ તો પૂરું થઈ ગયું છે અને જો એક્ઝીટ પોલના અંદાજને સાચા માની લઈએ તો એ મુજબ તો પરિણામના દિવસે આખાયે મહારાષ્ટ્રનું દારૂખાનું એકલું ભાજપ અને મોદી જ ફોડશે એવું લાગે છે. વર્તારા મુજબ તો ભાજપ જો બહુમતી નહિ મેળવી શકે તો પણ સૌથી મોટી પાર્ટી તો બનશે જ અને એક્ઝીટ પોલના આંકડા મુજબ એ પણ જેવી તેવી નહિ પણ લગભગ ૧૫૦ જેવી સીટો લઈ જશે અને એના પછી આવશે શીવશેના (અંદાજે ૭૦ સીટો સાથે). હવે જો આજે આવું કે આની સહેજ આસપાસનું પરિણામ આવશે તો એક વાત તો નક્કી છે કે મોદીના પૂજય પિતાશ્રીની તો ખબર નહિ પણ ઉપર બેઠેલા ઉદ્દવ સાહેબના પૂજય પિતાશ્રી બાળાસાહેબ ચોક્કસ આવું બોલશે કે - બાપ કો બંનાને કા શોંક થા ઓર બેટે કો બીગાડને કા!!! ભાજપ સાથેની બાલાસાહેબે બનાવેલી અને ટકાવી રાખેલી દોસ્તી ઉદ્ધવે એક ઝાટકે ખત્મ કરી નાખી તો બીજી તરફ શાયર ગુલઝાર પોતાની કોઈ કવિતા વાચતા હોય એવો શાંત અને ફક્ત પોતે જ દેખાતા હતા એવો કોંગ્રેસના ચૂંટણીપ્રચાર માટેનો વિડીયો બનાવનાર પૃથ્વીરાજભાયને બાકીની જિંદગી એ જ વિડીયો જોઈને વીતાવવી પડશે. કેવું કહેવાય નહિ કે એક જમાનામાં જે કોંગ્રેસ એકસાથે હજાર હજારની લુમો ફોડતી હતી એણે આજે એક સાદો ટેટો ફોડવાના પણ સાંસા છે....પેલી જગજીતની ગઝલ છે ને...વકત રુકતા નહિ કિસીકે લિયે....આ જ ગઝલ રાજ પણ કદાચ આજના પરિણામો પછી ગાતા હશે..કે કાશ આ નવનિર્માણ-ફવનિર્માણના રવાડે હું નાં ચડ્યો હોત તો સારું હતું..ખેર આજે મહારાષ્ટ્રમાં કઈ બ્રાંડના બોમ્બ અને રોકેટ ફૂટવાના એનો તો ફેસલો થઈ જ જશે પણ જો કોઈ એક પક્ષને બહુમતી નાં આવી તો મહારાષ્ટ્રની જનતાએ ફરી એક વાર સહિયારી રંગોળી રૂપી સરકારથી કામ ચલાવવું પડશે... વેઈટ એન્ડ વોચ..!!!



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

મોદી કે ઉદ્ધવ કેટલા ફટાકડા ફોડે છે એ નક્કી થાય એ પહેલા જયાઅમ્મા એ ધીસ ફાઈડે દિવાળી ઉજવી લીધી. અગેઈન અહી પણ ઉપરની જગજીત વાળી ગઝલ જ ફીટ બેસે છે... જયા અમ્માના નસીબ તો જુઓ... ૧૮ વર્ષ પહેલા કોઈએ અપ્રમાણસર સમ્પતિનો એક ફટાકડો સળગાવીને એમની તરફ ફેંકેલો તે એ બોમ્બ હવે છેક ફૂટ્યો અને ફૂટ્યો તો કેવો કે અમ્મા રાજગાદી પરથી ઉતરીને સીધા જેલ ભેગા...એય ને ચાર વર્ષની જેલ અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ.. આપણે ત્યાં બોલીવુડની ફિલ્મો જ સો કરોડની કલબમાં સામેલ થાય છે એવું નથી પણ પાલીટીશીયનો પણ હન્ડ્રેડ કરોરઝ કલબના મેમ્બર બની શકે છે એ આ અધધધ દંડ પછી અમ્માએ સાબિત કરી બતાવ્યું... અય..અય..યો...!!! ૧૦૦૦૦ સાડીઓ, નોકર ચાકરો, ૧૨ - ૧૨ કુતરાઓ, આલીશાન આવાસ અને અબજો રૂપિયાની આ રાણીને બેંગ્લોર જેલમાં દિવાળી ઉજવવી પડશે કે શું એવો ડર એના જનુની અને અત્યંત લાગણીશીલ ચાહકોમાં ફેલાઈ ગયેલો. જો કે અમ્માને આવા જેલવાસ કે પછી કેસ-કબાડાના છૂટમુટ લવિંગીયાનો જાજેરો અનુભવ છે. ઓલ્યા ચોવીસ કલાક કાળા ડાબલા ચડાવી રાખતા કરુણાનિધિના શાશનકાળ વખતે તો જયા પર પંદરેક જેવા કેસ ઠોકી દેવામાં આવેલા. ૨૦૦૧માં અમ્માને જમીનના જ એક આવા જ કેસમાં મુખ્યપ્રધાનપદુ પણ છોડી દેવું પડેલું... એ પછી આ વખતે પાછી સિંહાસન છોડવાની નોબત આવી અમ્માને..!! ખેર અત્યારે તો અમ્મા ઘરના ચોગાનમાં કે ફળિયામાં ફટાકડા ફોડીને કે રંગોળી કરીને દિવાળી ઉજવી શકશે કેમકે કોર્ટે ૧૮ ડીસેમ્બર સુધી ઘર બહાર નીકળવાની મનાઈ ફરમાવી છે ને એ પછી ત્રણેક મહિનામાં અમ્માના કેસની સુનાવણી શરુ થઈ જશે એટલે ક્યાં ખબર ક્યાં પત્તા કે અમ્મા આવતી દિવાળી ઘરમાં મનાવશે કે જેલ માં ???... દે કેન્ગે હમ લોગ!!!

પ્રધાનમંત્રીએ ગાંધીજીના આદર્શોને ધ્યાનમાં લઈને અને દેશવાસીઓમાં સ્વચ્છતાની ભાવના જન્મે એ હેતુથી સ્વચ્છ ભારતનું અભિયાન આદર્યુ છે. એમનો આશય તો ભારતને સ્વચ્છ રાખવાનો છે પણ હડફેટે આવી ગયા બચાડા થરુર. થરૂર રજ્ઞા આનંદી અને ઓનેસ્ટ માણસ. એમને તો મોદીનો આ આઈડીયો ગમી ગયો ને મંડ્યા એ તો મોદીના વખાણની લુંમુ ફોડવા પણ એમને ક્યાં ખબર હતી કે પાર્ટીમાં જ એમના આ ધૂમધડાકાની પાક્કી નોંધ લેવાય છે. થરૂર તો પાર્ટીના અગત્યના માણસ છે... થરૂર તો ઉમદા ઈન્સાન છે....થરૂર તો હજુય અમારા વિશ્વાશપાત્ર છે...આવા મીઠા બોલ બોલતા બોલતા પાર્ટીએ બચાડાને મોદી પ્રસંશાના ઈનામ કે સજા સ્વરૂપે પાર્ટીના સ્પોકસ પરશનના હોદા પરથી હટાવીને એમની ખુરસી નીચે જ લક્ષ્મી છાપ ટેટો ફોડી નાખ્યો.એક તો બચાડા વ્હાલી પત્ની સુનંદાના અપમૃત્યુના કેસમાં રોજ રોજ ફૂટતા નવા નવા ફટાકડા મતલબ કે ફણગાથી પરેશાન છે ત્યાં દાજયા ઉપર આ ડામ... વન મોર અય અય યો !!! અય્યો દેવા શશીની આ દિવાળી ચોક્કસથી ફિક્કી રેહવાની!!!

એમ તો બની શકે કે આ વખતે વ્હાઈટ હાઉસમાં ય ભો-ચક્કરી ફરરરર કરતી સળગતી નજરે પડે. સાહેબની અમેરિકા યાત્રાનો જાદુ હજુયે અકબંધ છે અને એ પાંચદિવસીય પંચામૃતનો સ્વાદ હજુય દેશ અને દુનિયાની જીભે લાગેલો જ છે. એવું પણ બને કે આ નવા દોસ્ત મળવાની ખુશીમાં ઓબામાં અને મીશેલબુન બેય છોડિયુંની સંગાથે સફેદ ઘર (વ્હાઈટ હાઉસ બે) ના આંગણામાં મસ્ત મજાની રંગોળી બનાવે. કુચ બી હો શકતા હૈ... આપડા સાહેબે યુનોમાં જઈને પાકિસ્તાનને જે કરારો જવાબ આપેલો એના પડઘા પડ્યા હોય કે પછી યુનો અને અમેરિકા જેવા દોસ્તોએ પણ હાલ પુરતું કાશ્મીરની વાતમાં સહકારને બદલે પીછેહઠ કરી હોય એની નિરાશા કે દાઝ હોય કે પછી પાકિસ્તાનમાં કદાચ દિવાળી ઉજવાતી નહિ હોય એટલે પાડોશીને સાથ આપવાને બહાને મિયા નવાજ શરીફે સરહદ પર ફટાકડા ફોડવાના શરુ કર્યા છે. થોડીક લુમો ફોડી ત્યાં સુધી તો વાંધો નાં આવ્યો પણ પછી જે વસ્તુ ઓબામાંને યાદ હતી એ જ નવાઝ મીયા ભૂલી ગયા કે હવે દિલ્હીમાં સરકાર બદલાઈ ગઈ છે અને વડોપ્રધાન પણ... હવે સાઉથ બ્લોકમાં બોલતા વડાપ્રધાન છે... ફિર ક્યાં થા ??? અહેવાલો મુજબ સેનાને છુટ્ટો દોર મળી ગયો અને પછી સેના જાલી રહે...એય ને આપણા સુરવીર સૈનિકોએ પણ વર્ષોથી ફૂટ્યા વગર પડેલા રોકેટોનો જથ્થો કાઢ્યો બહાર અને માંડ્યા ફોડવા પાકિસ્તાન બાજુ... સરવાળે સરહદ પર આપણા સૈનિકોએ પણ વહેલી દિવાળી ઉજવી જ લીધી... જો કે જેનો જન્મ જ કજિયા અને કંકાસમાંથી થયો છે એવું પાકિસ્તાન હજુયે નાના મોટા લવિંગીયા કે સુતળી બોમ્બો ફોડતું રહે છે પણ ઈંટ કા જવાબ પથ્થર દેવાની છૂટ મેળવી ચૂકેલું લશ્કર હવે દાળ ગળવા નહિ જ દયે એ નક્કી છે અધૂરામાં પૂરું અને પાકિસ્તાનના બદનસીબે ભારતે નિર્ભય મિસાઈલ નામના નવા ફટાકડાનું સફળ પરીક્ષણ કરી લીધું છે કે જેની વાટ પર એક વાર જામગીરી ચાંપી તો ૮ મીનીટમાં લાહોર અને ૧૨ મીનીટમાં ઈસ્લામાબાદમાં દિવાળીનો માહોલ સર્જી શકે એમ છે....અર્થાત જો પાકિસ્તાન આટલી આતશબાજીમાં નહિ સમજે તો આવનારા દિવસોમાં સરહદે દિવાળીનો માહોલ દિવાળી પછી પણ ચાલુ જ રહેશે...

ખેર આ મેઈન મેઈન અને વધુ અવાજ કરતા ફટાકડાઓ તો ફૂટશે કે નહિ ફૂટે પણ હજુ અમુક ફટાકડાઓ ફૂટવાની રાહ જોતા પડ્યા છે અથવા તો અમુક ફૂટ્યા નહિ ને સુરસુરિયા પણ થઈ ગયા છે... એઝ ફોર એકઝામ્પલ ટેક ધીસ બાપુ... બધાયની દિવાળી સુધરી જાય એવું લાગે છે પણ હજુયે આસારામબાપુના નસીબમાં જેલની ખોલીમાંથી જ આતશબાજી જોવાની લખી છે... બાપુના લાખ (શબ્દશ:) પ્રયત્નો છતાં પણ હજુ સુધી એમના નસીબમાં આશ્રમની પાવન કુટિયાના દર્શન કરવાનો શુભયોગ નથી ઉદભવતો... નારાયણ! ... તો અધધધ અરધા લાખ કરતા પણ વધુ કિમતમાં મળતા પાયાના મોડેલ સાથે લોન્ચ થયેલો આઈફોન - ૬ ભારતમાં કેટલા અવાજથી ફૂટે છે એ જોવું હજુ બાકી છે. સેમસંગ, સોની, એલ.જી. અને બીજી કમ્પનીના સસ્તા દારૂખાનાની ગળાકાપ સ્પર્ધા વચ્ચે બે તોલા સોના જેટલી કીમત ધરાવતો એપલનો આ ફોન ફૂટે છે કે પછી સુરસુરિયું થઈ જાય છે એ આવતી દિવાળી નહિ પણ આવતી સંક્રાંત સુધીમાં જ ખબર પડી જશે. આ વખતે તો વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટરો પણ બચાડા ફટાકડા નહિ ફોડી શકે. બોર્ડ સાથે એક મેચ માટે ફક્ત ૫૦૦૦૦ રૂપિયા જેવી રકમ વધારે મેળવવા માટે લડત ચાલવી રહેલા ક્રિકેટરોને પડ્યા ઉપર બોર્ડે ચાલુ શ્રેણી રદ કરી ને પાટું માર્યું છે હવે એની બદલે લંકનો આપણી સાથે રમવા આવી જશે. હા જતા જતા કાળીયાઓ વિરાટને જીવનદાન આપતા ગયા. અનુષ્કા નામક ફૂલઝડી આઈ મીન ફૂલજરના મોહપાશમાં બંધાયેલ આ માસુમ બાળકે આ લખાય છે ત્યારે ધર્મશાળા વનડેમાં શાનદાર સદી ફટકારી ને મૈ અભી જિન્દા હું એવું ડીકલેર કરેલ છે..મતલબ કે આ સેન્ચુરીની ખુશાલીમાં આ દિવાળી એ કોહલી અનુશકાના બિલ્ડીગના આંગણામાં તારામંડળ ફોડતો નજરે પડશે... ઓ તેરી... આ તો પાછુ હરીફરીને ત્યાં ને ત્યાં જ આવ્યું... વધુ વિચારો નહિ ને ટકો ખંજવાળો નહિ....ડેન્ડ્રફ ખરશે તો પાછા વિરાટ-અનુષ્કા તમને શેમ્પુ વાપરવાની સલાહ આપશે...ખીખીખી...!!! એનીવે...સર્વે વાચકમિત્રો ને હેપ્પી દીપાવલી અને નુતન વર્ષાભિનંદન સાથે ધૂમ-ધડામ વર્ષની શુભેચ્છાઓ...!!!

**વિસામો -**

પાકિસ્તાન સાથે અત્યારે સળગતી સરહદ પરથી યાદ આવ્યું કે પાકિસ્તાન ની સરજમીન પર ઉભા રહીને -હમારા હિન્દુસ્તાન જિંદાબાદ થા, જિંદાબાદ હૈ ઔર જિંદાબાદ રહેગા - જેવો જોશીલ્લો ડાઈલોગ ગદર ફિલ્મમાં લલકાલનાર ધરમ પુત્ર સન્ની પાજી નો આજે જન્મદિવસ છે...!!!